❖ <u>રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી અને રાજ્ય સરકાર પુરસ્કૃત યોજનાઓ:</u>

❖ <u>સીધા ધિરાણ યોજના:</u>

❖ રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી અને રાજ્ય સરકાર દ્વારા સફાઇ કામદાર અને તેમના આશ્રિતોને આવક ઉપાર્જન અર્થે સ્વરોજગારી માટે વિવિધ યોજનાઓ હેઠળ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમને લોન આપવામાં આવે છે.

❖ રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીની સ્ટેટ ચેનેલાઇઝીંગ એજન્સી તરીકે અને રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા મહિલા સ્મૃધ્ધિ યોજના, મહિલા અધિકારીતા યોજના , માઇક્રો ક્રેડિટ ફાઇનાન્સ યોજના અને ટર્મ લોન વગેરે હેઠળ જુદા જુદા ધંધા અને વ્યવસાયો જેવા કે, ઝેરોક્ષ, મંડપ ડેકોરેશન, સાઇકલ સ્ટોર, વિડીયોગ્રાફી, ફોટોગ્રાફી, રેડીમેઇડ કાપડની દુકાન, વાસણની દુકાન,કોમ્પ્યુટર,જીપ-ટેક્ષી, ટ્રેક્ટર વીથ ટ્રોલી, ઓટો રીક્ષા(પેટ્રોલ,ડિઝલ અને સી.એન.જી.), મ્યુઝિક બેન્ડ, ઇલેક્ટ્રીક રીપેરીંગની દુકાન,દરજીકામની દુકાન, ફેબ્રીકેશન યુનિટ, ઓટોમોબાઇલ રીપેરીંગ,ભંગાર, વેક્યુમ લોડર અને અન્ય નાના ઉધોગો માટે સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને પુન:સ્થાપન માટે વ્યક્તિગત રૂા. ૬૦,૦૦૦/- થી રૂા. ૧૫,૦૦,૦૦૦/- સુધીની લોન/ ધિરાણ ૪ થી ૬ ટકાના વ્યાજદરે આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | મહિલા સમૃધ્ધિ યોજના | : | રૂા. ૬૦,૦૦૦/- લોન, વ્યાજ દર ૪%, |
| ૨ | માઇક્રો ક્રેડીટ ફાઇનાન્સ યોજના | : | રૂા. ૬૦,૦૦૦/- લોન, વ્યાજ દર ૫%, |
| ૩ | મહિલા અધિકારીતા યોજના | : | રૂા. ૧,૦૦,૦૦૦/- લોન, વ્યાજ દર ૫% |
| ૪ | ટર્મ લોન યોજના | : | રૂા. ૬૦,૦૦૦/- થી રૂા. ૧૫,૦૦,૦૦૦/- સુધી લોન, વ્યાજ દર ૬% |